# વિષય - ગણિત ૧૩. ગુણાકાર અને ભાગાકારની રીતો

❖ અધ્યયન નિષ્પતિઓ :- 1. બે, ત્રણ કે ચાર અંકી સંખ્યાઓના ગુણાકાર અને ભાગાકાર કરવાની વિવિધ રીતો જાણે.
2. ગુણાકાર અને ભાગાકારના રાજિંદા જીવનમાં ઉપયોગી વ્યવહારુ કોયડાઓ ઉકેલી શકે.

## પ્રશ્ન-1. (a) નીચેના દાખલા ગણો.

(1) કુંજન એક દિવસમાં 8 ગ્લાસ પાણી પીએ છે, તો તે એક મહિનામાં કેટલું પાણી પીશે ? અને એક વર્ષમાં કેટલું પાણી પીશે ?.............

(2) એક લંબચોરસ બગીચાની લંબાઇ 35 મીટર અને 15 મીટર છે. રઘુ કોન્ટાક્ટરે 1. ચો.મી ના 130 રૂ. લેખે બગીચો તૈયાર કરવાનું કામ રાખ્યું તો આ બગીચો તૈયાર કરવાના કેટલા રૂપિયા મળશે ?

## પ્રશ્ન-1. (b) ઉદાહરણ પ્રમાણે ગુણાકાર કરો.

| | 60 | 5 |
|---|---|---|
| 30 | 60 x 30<br>**1800** | 5 x 30<br>**150** |
| 1 | 60 x 1<br>**60** | 5 x 1<br>**5** |

રૂ. 1800 + 150 + 60 + 5 = 2015

(1) 42 × 25

(2) 75 × 32

## પ્રશ્ન-1. (c) ઉદાહરણ પ્રમાણે ગુણાકાર કરો.

| | |
|---|---|
| 65 | |
| x 31 | |
| 65 | (65x1) |
| + 1950 | (65x30) |
| 2015 | |

(1) 254 × 42

(2) 56 × 36

## પ્રશ્ન- 2. નીચેની વિગત વાચીને દાખલા ગણો.

| કારખાનું | દૈનિક મહેનતાણું |
|---|---|
| પ્લાસ્ટિકની થેલી બનાવવાનું | રૂ. 265 |
| લોખંડના તાર બનાવવાનું | રૂ. 290 |
| કાપડ બનાવવાનું | રૂ. 284 |
| ખાંડ બનાવવાનું | રૂ. 256 |

(1) સૌથી વધું દૈનિક મહેનતાનું કયા કારખાનામાં મળે છે ?

............................................................................................................

(2) સૌથી ઓછું દૈનિક મહેનતાણું કયા કારખાનામાં મળે છે ?

............................................................................................................

(3) બિરજુ કાપડ બનાવવાનાં કારખાનામાં 28 દિવસ કામ કરે છે તો તેને કુલ કેટલું મહેનતાણું મળે ?

(4) રાઘવ ખાંડ બનાવવાના કારખાનામાં $1\frac{1}{2}$ મહિના કામ કરે છે તો તેને કુલ કેટલું મહેનતાણું મળે ?

(5) રાઘવ ખાંડ બનાવવાના કારખાનામાં બે વર્ષ કામ કરે તો તેને કુલ કેટલું મહેનતાણું મળે ?

(6) કિશનભાઇ કાપડ બનાવવાના કારખાનામાં $\frac{1}{2}$ વર્ષ કામ કરે તો તેને કુલ કેટલું મહેનતાણું મળે ?

(7) ભીમાભાઇ પ્લાસ્ટિક બનાવવાના કારખાનામાં કામ કરે છે અને ઢીમાભાઇ લોખંડનાં તાર બનાવવાનાં કારખાનામાં કામ કરે છે એક વર્ષના અંતે કોને વધારે મહેનતાણું મળે ? કેટલું ?

પ્રશ્ન-3. આપેલા ઉદાહરણ પ્રમાણે ભાગાકારના દાખલા ગણો.

9588 ÷ 6

500+500+500+90+8

```
6) 9588
 - 3000
   6588
 - 3000
   3588
 - 3000
    588
  - 540
     48
   - 48
      X
```

(1) 3200 ÷ 40

(2) 5730 ÷ 5

પ્રશ્ન-4. નીચેના દાખલા ગણો.

(1) એક શાળામાંથી 448 બાળકોને પ્રવાસ લઇ જવાના છે, એક બસમા 56 બાળકો બેસી શકે તો કુલ કેટલી બસની જરૂર પડે ?

(2) એક થિયેટરમાં 966 બાળકો પિક્ચર જોઇ રહ્યા છે. જો તે હોલમાં 46 હરોળ હોય તો તે એક હરોળમાં કેટલા બાળકો બેસી શકે ?

| | |
|---|---|
| (3) એક શાળામાં 26 મી જાન્યુઆરીના સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુલ રૂ. 2950 ઈનામના એકઠાં થયાં. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કુલ 25 બાળકોએ ભાગ લીધો, તો દરેક બાળકને ભાગમાં કેટલા રૂપિયા આવે ? | (4) એક ખેડૂત ખેતરોમાં ચીકુની વાડી કરવા ચીકુના 655 છોડ લાવે છે. તે એક હરોળમાં 16 છોડ રોપવા ઈચ્છે છે, તો તેણે કેટલી હરોળમાં છોડ રોપવા પડશે ? કેટલા છોડ રોપ્યાં વગરના બાકી રહેશે ? |
| (5) 1. કિગ્રા બુંદીમાંથી 20 લાડુ બને, તો 25 કિગ્રામાંથી કેટલા લાડુ બને ? જો એક ખોખામાં 20 લાડુ સમાય તો કેટલા ખોખાં જોઇએ ? | (6) સવિતાબેન રોજ 38 લિટર દૂધ વેચે છે. અને રોજના રૂ. 2128 કમાય છે, તો સવિતાબેન 1 લિટર દૂધ કેટલા રૂપિયામાં વેચતા હશે ? અને મહિને કેટલા રૂપિયા કમાતા હશે ? |